# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા 11 વર્ષમાં દેશમાં પારદર્શક, સંવેદનશીલ અને નાગરિક કેન્દ્રિત પ્રણાલી વિકસિત થઈ
2) વિશેષ સઘન સમીક્ષા સહિતના મુદ્દે સંસદના બંને ગૃહની કાર્યવાહી દિવસ દરમિયાન ખોરવાઈ
3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું વાંધાજનક સામગ્રી પ્રદર્શિત કરવા બદલ 43 OTT પ્લેટફોર્મને બ્લોક કરાયા
4) ઉત્તરાખંડના ધરાલીમાં કેન્દ્ર અને રાજ્યની સંસ્થાઓ રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ-અત્યાર સુધી 190 લોકોને બચાવાયા
5) ICMRએ ઝારખંડમાં કરેલા અભ્યાસને વિશ્વ આરોગ્ય સંસ્થાએ TB સંભાળ માટે એક મોડેલ તરીકે બિરદાવ્યું

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM KARTAVYA BHAVAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા 11 વર્ષમાં દેશમાં પારદર્શક, સંવેદનશીલ અને નાગરિક કેન્દ્રિત પ્રણાલી વિકસિત થઈ છે. નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે કર્તવ્ય ભવન-3ના ઉદ્ઘાટન બાદ એક જાહેર કાર્યક્રમને સંબોધતા શ્રી મોદી કહ્યું, કર્તવ્ય ભવન માત્ર એક ઇમારત નહીં, તે કરોડો દેશવાસીઓના સપનાને સાકાર કરવાની તપોભૂમિ છે. તેમણે ઉમેર્યું દેશનો કોઈ પણ વિસ્તાર આજે વિકાસની ધારાથી વંચિત નથી.

### (બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

અગાઉ શ્રી મોદીએ કર્તવ્ય ભવન-3ના ઉદ્ઘાટન બાદ બાંધકામ શ્રમિકો સાથે પણ વાતચીત કરી અને ભવનને આકાર આપવામાં તેમની મહેનત અને નિશ્ચય બદલ તેમની પ્રશંસા કરી. કર્તવ્ય ભવન-3 સેન્ટ્રલ વિસ્ટાના વ્યાપક પરિવર્તનનો એક ભાગ છે.

. . . . . . . . . .

## EVE-PAR-ADJOURN

બિહારમાં હાથ ધરાયેલા વિશેષ સઘન સમીક્ષા- SIR સહિત અન્ય મુદ્દાઓ પર વિરોધ પક્ષોના વિરોધને લઇ આજે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ખોરવાઈ હતી, જેના કારણે લોકસભા અને રાજ્યસભા દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. અગાઉ જ્યારે બપોરે 2 વાગ્યે લોકસભા શરૂ

થઈ, ત્યારે વિરોધ પક્ષો વેલમાં ધસી ગયા, સૂત્રોચ્ચાર કરીને SIR મુદ્દા પર ચર્ચાની માગ કરી.

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે SIR સર્વોચ્ચ અદાલતમાં વિચારણા હેઠળ છે જેથી ગૃહમાં તેની ચર્ચા થઈ શકતી નથી.અગાઉ, કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે વર્ષ 2025-26 માટે મણિપુર રાજ્યની અંદાજિત આવક અને ખર્ચનું નિવેદન રજૂ કર્યું. લોકસભા અધ્યક્ષે જાપાનમાં 1945ના હિરોશિમા અને નાગાસાકી પરમાણુ બોમ્બ વિસ્ફોટના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી.

રાજ્યસભામાં પણ વિરોધ પક્ષોએ SIR સહિતના મુદ્દે ગૃહમાં હોબાળો મચાવ્યો. કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઓર્ડર પોઇન્ટનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે નિયમો દરેક માટે સમાન હોવા જોઈએ. તેમનો વિરોધ કરતા, ગૃહના નેતા જેપી નડ્ડાએ કહ્યું કે જે લોકો ગૃહમાં ખલેલ પહોંચાડે છે તેમને ઓર્ડર પોઇન્ટ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી. બાદમાં, ગૃહે સમુદ્ર દ્વારા માલસામાનની હેરફેર બિલ 2025 પસાર કર્યું. હોબાળા વચ્ચે, અધ્યક્ષે ગૃહને દિવસ માટે મુલતવી રાખ્યું.

.........

## LS-VAISHNAW OTT

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું વાંધાજનક  સામગ્રી પ્રદર્શિત કરવા બદલ 43 OTT પ્લેટફોર્મને બ્લોક કરાયા છે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું, કેન્દ્ર સરકારે OTT પ્લેટફોર્મ પર હાનિકારક સામગ્રીની નકારાત્મક અસરો

સામે માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા, નૈતિકતા સંહિતા) નિયમો, 2021 ને સૂચિત કર્યા છે. તેમણે કહ્યું કે, આ નિયમો હેઠળ, OTT પ્લેટફોર્મ કાયદા દ્વારા પ્રતિબંધિત કોઈપણ સામગ્રીનું પ્રસારણ ન કરવા માટે બંધાયેલા છે.

..........

## LS-MERCHANT SHIPPING BILL

લોકસભાએ આજે વેપારી નૌપરિવહન ખરડો 2024 પસાર કર્યો. તે વેપારી નૌપરિવહન અધિનિયમ 1958નું સ્થાન લેશે. આ ખરડો દરિયાઈ સંધિઓ અને આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો અંતર્ગત ભારતની જવાબદારીનું પાલન સુનિશ્ચિત કરવા વેપારી નૌપરિવહન સંબંધિત કાયદામાં સુધારો કરે છે. ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા, બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, આ ખરડો આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંમેલનના અનુરૂપ એક અદ્યતન, પ્રગતિશીલ અને આધુનિક કાયદો છે. તેમણે કહ્યું કે, ખરડામાં અનેક વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું, છેલ્લા 11 વર્ષોમાં, અનેક સુધારાઓ થયા છે જેના કારણે દરિયાઈ અને વાહનશિપિંગ ક્ષેત્રમાં વૃદ્ધિ અને વિકાસ થયો છે. ચર્ચામાં ભાગ લેતા, ભાજપના સાંસદ કેપ્ટન બ્રિજેશ ચોટાએ ખરડાને ટેકો

આપ્યો. તેમણે તેને એક મહત્વપૂર્ણ કાયદો ગણાવ્યો. ભાજપના અન્ય સભ્ય મુકેશ દલાલે પણ આ જ મત વ્યક્ત કર્યો.

. . . . . . . . . .

## LS- INCOME SURVEY

કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રી રાવ ઈન્દરજીતસિંઘે જણાવ્યું, રાષ્ટ્રીય આંકડા કાર્યાલય-NSO એ વર્ષ 2026માં ઘરગથ્થુ આવક પર એક સર્વેક્ષણ કરવાની યોજના બનાવી છે.

લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં તેમણે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ ભારતના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ડૉ. સુરજીત એસ. ભલ્લાના અધ્યક્ષપદ હેઠળ એક ટેકનિકલ નિષ્ણાત જૂથ- TEGની રચના કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, TEG ના સંદર્ભ સમયગાળામાં ખ્યાલો અને વ્યાખ્યાઓને અંતિમ સ્વરૂપ આપવા, સર્વેક્ષણ પદ્ધતિ અને સાધનોની તૈયારી, અને સર્વેક્ષણ પરિણામો તથા પ્રકાશન માટે અહેવાલને અંતિમ સ્વરૂપ આપવા અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# RS-CARRIAGE OF GOODS BILL

સંસદે દરિયાઈ માલ પરિવહન ખરડો, 2025 પસાર કર્યો, જેને રાજ્યસભાએ આજે મંજૂરી આપી છે. અગાઉ આ ખરડો લોકસભામાં પસાર થયો હતો. આ ખરડો ભારતીય સમુદ્ર દ્વારા માલ પરિવહન અધિનિયમ, 1925 ને બદલશે. જે બંદરથી પરિવહન કરાયેલ વસ્તુઓના કિસ્સામાં જવાબદારીઓ, અધિકારો અને મુક્તિઓ સ્થાપિત કરે છે. આ કાયદો કેન્દ્ર સરકારને બિલની જોગવાઈઓના અમલ માટે દિશાનિર્દેશો જારી કરવાની અને બિલ ઓફ લેડિંગ પર લાગુ પડતા નિયમોનો ઉલ્લેખ કરતા સમયપત્રકમાં સુધારો કરવાની સત્તા આપે છે.

ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા, શિપિંગ અને જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે જણાવ્યું, સમુદ્ર દ્વારા માલવહન ખરડો, 2025 સો વર્ષ જૂના કાયદાને રદ કરશે. તેમણે ઉમેર્યું નવો કાયદો સરળ અને તર્કસંગત કાયદાઓ દ્વારા વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરશે.

..........

# RS - AI LITERACY PROGRAMME

કેન્દ્ર સરકારે જણાવ્યું, આ વર્ષે મે મહિનાથી રાષ્ટ્રીય મહિલા આયોગના યશોદા AI સાક્ષરતા કાર્યક્રમ હેઠળ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારની લગભગ બે હજાર 500 મહિલાઓને તાલીમ આપવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી સાવિત્રી ઠાકુરે આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ વાત જણાવી. તેમણે કહ્યું કે, આ

કાર્યક્રમ મહિલાઓને ડિજિટલ સમાવેશ વધારવા અને સાયબર સુરક્ષા, ડિજિટલ ગોપનીયતા અને સલામત ઓનલાઈન પ્રથાઓના ક્ષેત્રોમાં સશક્ત બનાવવા માટે AI સાક્ષરતાથી સજ્જ કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયો હતો.

..........

# UTTARAKHAND - DHARALI DISASTER UPDATE

ઉત્તરાખંડમાં, ઉત્તરકાશી જિલ્લાના ધરાલીના આપત્તિગ્રસ્ત પ્રદેશમાં, કેન્દ્ર અને રાજ્યની બંને સંસ્થાઓ યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરીમાં જોડાઈ છે. દરમિયાન, મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આજે ધરાલી વિસ્તારની મુલાકાત લીધી, અસરગ્રસ્ત લોકો સાથે મુલાકાત કરી અને તેમના ખબરઅંતર પૂછ્યા. તેમણે અધિકારીઓને ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. શ્રી ધામીએ રાહત અને બચાવ કાર્ય માટે સ્થળ પર તૈનાત કર્મચારીઓ સાથે પણ મુલાકાત કરી. તેમણે અધિકારીઓને સૂચના આપી કે રાહત સામગ્રી અને સહાય સમયસર તમામ અસરગ્રસ્ત લોકો સુધી પહોંચાડવામાં આવે.

**(બાઇટ: PUSHKAR-SINGH-DHAMI)**

રાહત પ્રયાસોને ઝડપી બનાવવા માટે, ધારાલી ક્ષેત્રમાં આવશ્યક ખાદ્ય પુરવઠો અને રાહત સામગ્રી પહોંચાડવા માટે બે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભારતીય વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટર

દ્વારા રસ્તાના સમારકામ, કાટમાળ દૂર કરવા અને અન્ય જરૂરી કાર્યો ઝડપથી પૂર્ણ કરવા માટે ભારે મશીનરી પહોંચાડવામાં આવી રહી છે.

. . . . . . . . . .

## INDIAN ARMY-UTTARKASHI

ભારતીય સેનાએ જણાવ્યું, ઉત્તરકાશીના ધારલીમાં વાદળ ફાટવાથી એક જુનિયર કમિશન્ડ ઓફિસર-JCO અને 8 જવાન હજુ પણ ગુમ છે. સેનાએ જણાવ્યું કે ઝડપી અને સંકલિત માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી ચાલી રહી છે.

શોધ, બચાવ અને રાહત કામગીરી માટે પાયદળ અને એન્જિનિયરિંગ ટીમો સહિત 225 થી વધુ સૈન્ય કર્મચારીઓને તૈનાત કરાયા છે. કાટમાળ હટાવવા અને ગતિશીલતા પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવા માટે લડાયક ઇજનેરો પણ ધારલી પહોંચ્યા છે. તેણે કહ્યું કે હરસિલ ખાતે લશ્કરી હેલિપેડ પણ કાર્યરત છે અને ત્રણ નાગરિક હેલિકોપ્ટર ભટવારી અને હરસિલ ખાતે અકસ્માતગ્રસ્તોને બહાર કાઢવા અને રાહત સામગ્રી પહોંચાડવા માટે સફળતાપૂર્વક ઉતરાણ કર્યું છે. સેનાએ વધુમાં માહિતી આપી હતી કે ચિનૂક, Mi-17, ALH હેલિકોપ્ટર ટુકડી અને સામગ્રીના એરલિફ્ટ માટે જોલી ગ્રાન્ટ, ચંદીગઢ અને સરસવામાં તૈનાત છે.

. . . . . . . . . .

## WHO- TB RESEARCH

ઝારખંડમાં ભારતીય તબીબી સંશોધન પરિષદ-ICMR દ્વારા કરાયેલા એક સીમાચિહ્નરૂપ અભ્યાસને વિશ્વ આરોગ્ય સંસ્થા-WHO દ્વારા ટ્યુબરક્યુલોસિસ -TB સંભાળ માટે એક મોડેલ તરીકે પ્રશંસા કરવામાં આવી છે.

2023 માં ધ લેન્સેટ ગ્લોબલ હેલ્થમાં પ્રકાશિત, RATIONS અભ્યાસમાં જાણવા મળ્યું છે કે TB દર્દીઓને પોષણ સહાય પૂરી પાડવાથી સારવારના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થયો છે અને મૃત્યુદરમાં ઘટાડો થયો છે.

અભ્યાસ મુજબ, ખોરાક રાશન મેળવનારા દર્દીઓએ પ્રમાણભૂત સંભાળ મેળવનારા દર્દીઓની તુલનામાં વધુ સારી રિકવરી અને જીવિત રહેવાનો દર દર્શાવ્યો હતો. તેની અસરને ઓળખીને, WHO એ દક્ષિણ-પૂર્વ એશિયા ક્ષેત્રના દેશોને વૈશ્વિક અંત TB લક્ષ્યોને પૂર્ણ કરવા માટે સમાન વ્યૂહરચના અપનાવવા હાકલ કરી છે.

. . . . . . . . . .

## PUNE AIRPORT - DRUGS SEIZED

કસ્ટમ્સ વિભાગે પુણે હવાઈમથકે પરથી 6 હજાર ગ્રામથી વધુ માદક પદાર્થ જપ્ત કર્યો છે. પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, જપ્ત કરાયેલા માદક પદાર્થની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે 6 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. બેંગકોકથી આવેલી ફ્લાઇટમાંથી આ પ્રતિબંધિત પદાર્થ જપ્ત કરાયો હતો. અતુલ સુશીલ હિવાલેની બેગમાંથી આ પ્રતિબંધિત જથ્થો

મળી આવ્યો. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. દરમિયાન, એક અલગ કેસમાં, પુણે પોલીસની માદક પદાર્થ વિરોધી ટુકડી આશરે સાડા પાંચ લાખ રૂપિયાની કિંમતનો આશરે 27 કિલોગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો જેમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . .